શ્રી શારદાય નમઃ

સતિ નર્મદા.

રચી પ્રસિદ્ધ કર્તા

દવે વજેશંકર પ્રાણજીવન.

અમદાવાદ.

સંવત ૧૯૭૮. સને ૧૯૨૧.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવિદાસ છગનલાલે છાપ્યું.

કિમ્મત ૭ આના.

શ્રી ગણેશાય નમઃ

સતી નર્મદા.

ગીતિ.

ગૌરીસુત ગણુનાયક, સહાયક છો સહુના સુખદાતા;
કાર્ય આરંભુ પ્રેમે, જીંહાગ્રે વસો સરસ્વતી માતા.

દ્વાપરયુગમાં અયોધ્યા નગ્રની નજીક સરયુ નદી તટ નિકટ ઘણા સાત્વીક શાંડિલ્ય ઋષિ પોતાનાં ધર્મપત્ની સાથે પરમાત્માનું ભજન કરતા હતા. તેમને કૌશિક નામનો મહાન તોફાની પુત્ર હતો. ઋષિ તેને ભણાવવામાં બહુ ધ્યાન આપતા; પરન્તુ તેના તોફાની સ્વભાવને લીધે શાંડિલ્ય ઋષિનો શ્રમ નિષ્ફળ જતો. આમ થવાથી ઋષિજીએ તેને સખત ઠપકો આપ્યો અને કહ્યું કે, 'તારા કઠોર સ્વભાવને લીધે તું કંઇ શીખી શકીશ નહિ' આ શબ્દો સાંભળતાંજ કૌશિકને ઘણું ખોટું લાગ્યું અને રડતો રડતો તેની માતા પાસે આવ્યો અને પોતાના પિતાના ઠપકાની પાત તેને જણાવી. જેથી વાત્સલ્ય-ભાવને લીધે માતાનું મન કંઇક ઉશ્કેરાયું. અને પોતાના પુત્રનો પક્ષ લઇ પતિ પ્રત્યે બોલ્યાં.

સત્યા— આશાવરી.

નવ બોલો નાથ આવું, નવ બોલો નાથ હું કહું છું જોડી હાથ વહાલા;
વૃદ્ધ થઇ ગઇ વય તમારી, છતાં ન આપે મમતા મારી.
હવે છોડો ને પ્રીતિ સાથ વહાલા............નવ બોલો નાથ (ટેક)

બાલુડો મુજ બોલે બોલ કાલા, વારે વારે નઠારો કહોછો ઠાલા ઠાલા;
ગયા શ્રાદ્ધ કરી પિંડ દે હાથ વહાલા..........નવ બોલો નાથ.

હે નાથ જેમ જેમ વયોવૃદ્ધ થતા જાઓ છો તેમ તેમ તમારી બુદ્ધિમાં ફેરફાર થતો જાય છે. કંઇપણુ વિચાર કર્યા સિવાય માત્ર પુત્રના દોષોજ જુઓ છો; અને છોકરો તોફાની છે, નઠારો છે એમ કહીને તેને હલકો પાડો છો, તે ઠીક કરતા નથી. વિચાર કરો કે લોકો પત્થર એટલા દેવ પૂજીને પુત્રની ઇચ્છા રાખે છે તો પણ પૂર્ણ-પુણ્ય સિવાય પ્રજોત્પત્તિની ન્યુનતા રહે છે જેના ઘરમાં કુળદિપક પુત્ર નથી તેમજ જેણે બાળકની કાલી કાલી અને તોતડી વાણી સાંભળવાનો લાભ લીધો નથી તેનો જન્મ આ સંસારમાં વૃથા જાય છે. શાસ્ત્રકારો પણ કહી રહ્યા છે, કે " પુ નામના નર્કથી ત્ર નામ તારનાર તેનેજ પુત્ર કહેવામાં આવે છે." એ આપ જેવા જ્ઞાતાને ક્યાં અજાણ્યું છે! આ પ્રમાણે પુત્રપક્ષ ખેંચવાવાળી માતાના શબ્દો કૌશિકને રૂચ્યા પરંતુ અંતિમ પરિણામ એ થયું કે મોટી ઉંમરે કૌશક—

સાખી.

[1]દ્રુતવેગે દ્રવ્ય લઇને, પળ્યો અયોધ્યામાંહે;
તેવે જુગારીનો સંગ થયો છે, તે બાળકને ત્યાંહે.

પિતા વનફળ લેવા ગયા અને માતા જળ ભરવા ગયાં આવો અનુકુળ વખત મળેલો જોઇ કૌશિક, પોતાના પિતાએ સંગ્રહ કરેલું દ્રવ્ય લઇ અયોધ્યા નાશી ગયો. આ નગરની સુંદર અને અલૌકિક રચના તેને ઘણી પસંદ પડી અને ત્યાંજ રહી પોતાની પાસેના દ્રવ્યનો ગમે તેમ ઉપયોગ કરવા લાગ્યો. કેટલેક દિવસે તેને જેમ દલપતરામ કવિ કહે છે તેમ ' જેને જેવો સંગ રંગ બહુ તેવો બેસે,' એ પ્રમાણે

1 દ્રુત=ઉતાવળ.

એને કેટલાક બદમાસ અને [1]ઉછૃંખલ જુવાનીઆનો સંગ થયો આ સંગતથી તે વ્યસની, વ્યભિચારી અને ઘણો ઉડાઉ બન્યો. તેના બદમાસ મિત્રો તેને ફોલી ફોલીને ખાવા લાગ્યા તેથી પોતાની પાસેનું દ્રવ્ય ધીમે ધીમે કમી થવા લાગ્યું. છેવટે તેની પાસે કોપિન સિવાય કંઇપણ રહ્યું નહિ. આમ થવાથી પોતાના પેટને પોષણ આપવાનો રસ્તો કંઇ કરવો જોઇએ. એમ વિચારી છેલ્લામાં છેલ્લો ઉપાય એ કાઢયો કે ગામમાં રખડી રખડી માગી ખાવું. આમ કરવાથી પોતે કરેલાં પ્રથમનાં કુકર્મોને યોગ્ય શિક્ષા થતાં આખા શરીરે વિસ્ફુ-ટકનો ભયંકર રોગ ઉત્પન્ન થયો જેને લીધે તેના શરીરમાંથી પરૂ અને રૂધિર [2]દ્રવવા લાગ્યાં. આ સ્થિતિમાં જેમ મહાત્મા તુળસીદાસ કહે છે, કે ' સુર નર મુનિકી એહી રીતી, સ્વાર્થ લગી સબ કર હૈ પ્રીતિ ' તેમ તેના આ બદમાસ મિત્રો કંગાલ બનેલા કૌશિકનો સંગ છોડી ચાલતા થયા. આથી નિરાશ બનેલો કૌશિક—

સાખી.

ખાન પાનના ન ભાનથી તેને, વિકાર થયો બહુ ભારી;
જ્ઞાતિજ્ઞાન હેવાનને આવ્યું, લાચાર બની ભરે વારી.

આવી સ્થિતિમાં આવ્યો ત્યારે તેને ભાન થયું, કે જે કોઇ માતાપિતાની આજ્ઞા પાળતો નથી, ગુરુનું કહ્યું માનતો નથી મનસ્વી-પણે ચાલી વ્યસની, વ્યભિચારી, ઉછૃંખલ અને જુગારી બને છે તેને આવી માઠી દશા પ્રાપ્ત થાય છે. આ દશાને પામેલો કૌશિક ઉદર-ઉપાધિ ટાળવા માટે ભીખ માગતો માગતો શહેરના બજારમાં આવી ચઢયો. પણ શરીરે અશક્ત થઇ ગએલો હોવાથી બેહોશ થઇ બજાર વચ્ચે અચાનક ધરણી પર ઢળી પડયો. તેને થએલા રોગથી તેના

---

૧ ઉદ્ધત. ૨ વહેવા.

શરીરમાંથી ઘણીજ બદબો ફેલાતી હતી, તેથી તેની પાસે જઇ તેની આગતાસ્વાગતા કરવી મુશ્કેલ હતી. તેમ છતાં ત્યાંના દયાળુ વેપારીઓ અને બીજા લોકો ભેગા થઇ ગયા. તેમણે તેને ધીરજ આપી ખાસના દવાખાનામાં મોકલી આપ્યો.

સતિ નર્મદાનો જન્મ—ઉત્તર હિન્દુસ્તાનમાં અયોધ્યા નગરી નજીક પ્રસન્નપુર નામનું એક ગામડું હતું. ત્યાં જયદેવ શર્મા નામે સાત્વીક બ્રાહ્મણ રહેતા હતા. તેમને સંસ્કૃત ભાષાનું સાધારણ જ્ઞાન હતું. તેમની સ્થિતિ સામાન્ય રીતે ગરીબ હતી, તેથી ભિક્ષાવૃત્તિ ઉપર પોતાના કુટુંબનું પોષણ ચલાવતા હતા તેમને ત્યાં પ્રભુકૃપાથી ઉત્તમરામ નામનો પુત્ર થયો. બાળવયથીજ ઉત્તમરામનાં ચારિત્ર ઘણાં ઉત્તમ પ્રકારનાં જણાવા લાગ્યાં. આઠમે વર્ષે [1]ઉપનયન સંસ્કાર કર્યા પછી તેમને અયોધ્યામાંજ વિદ્યાગુરૂને ત્યાં ભણવા મોકલ્યા. ત્યાં પણ બધા વિદ્યાર્થીઓમાં તેઓ પ્રથમ સ્થાન લેવા લાગ્યા એથી ગુરૂની કૃપા દિનપ્રતિદિન તેમના તરફ વધવા લાગી. એ કૃપાની પ્રસાદીથી તેમજ પોતાના બુદ્ધિબળ વડે કરીને ઉત્તરોત્તર દરેક વિષયમાં તેઓ આગળ પડવા લાગ્યા. સંસ્કૃત વ્યાકરણનો સંપૂર્ણ અભ્યાસ થયા બાદ તેઓએ છેલ્લે શ્રુતિ, સ્મૃતિ, પુરાણો અને ઉપનિષદાદિનું પુરેપુરૂં જ્ઞાન મેળવ્યું. આ પ્રમાણેનો પોતાનો અભ્યાસ ચાલતો હતો તે વખતમાં પણ ઉત્તમરામ પોતાનાં માતા પિતાને ભૂલી ગયા ન હતા. તેઓ વખતો વખત ગુરૂની આજ્ઞા લઇ પોતાનાં માતા પિતાની સંભાળ લેવા પોતાની જન્મભૂમિમાં જતા. માતા પિતાને પણ આવા સપુત દીકરાનાં દર્શનથી અત્યાનંદ થતો. તેમજ ઉત્તમરામ પણ તેમની હંમેશાં શુભાશિષ મેળવતા. આ તરફ અયોધ્યામાં પણ તેમના જ્ઞાનની પ્રસંશા થવા લાગી. સત્પાત્ર અને વિચારશિલ પુરૂષોના સમાગમમાં તેઓ ધીમે ધીમે આ-

---

૧ જનોઈ.

વવા લાગ્યા, તેથી પોતે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરવાનું તેમને ઠીક પડયું. બરાબર ૨૫ વર્ષની ઉંમરે પોતાનો અભ્યાસ પૂર્ણ થતાં ગુરૂએ તેમને હંમેશને માટે ઘેર જવાની આજ્ઞા આપી. આથી ઉત્તમરામ પોતાને વતન જવા તૈયાર થયા. પરંતુ તેમના મિત્રો અને તેઓ જેના જેના પરિચયમાં વારે વારે આવતા તે બધા સજ્જનો આ તેમની પોતાને વતન જવાની તૈયારી જોઇ ઘણા ઉદાસ થઈ ગયા.

તેઓએ નિશ્ચય કર્યો, કે ગમે તેમ થાય તોપણ ઉત્તમરામને અત્રેથી જવા દેવા નહિ, તેથી તેઓ બધા ભેગા થઇ તેમને ત્યાં ગયા અને તેમને પોતાને વતન નહિ જતાં અયોધ્યામાંજ રાખવા માટે વિનવવા લાગ્યા. તેમજ ઉત્તમરામને પણ આવા સજ્જનોનો સમાગમ મૂકી એક નાના સરખા ગામડામાં જીવન વ્યતીત કરવું ઠીક લાગ્યું નહિ. તેથી તેમણે પોતે અયોધ્યામાંજ રહેવાનું છેવટે પસંદ કીધું અને પોતાનાં વૃદ્ધ માતા પિતાને ત્યાં લાવીને રાખ્યાં. માતાપિતાની તેઓ શ્રવણની પેઠે ભક્તિ કરતા. તેમની આગતાસ્વાગતા તેઓ બધાં કામ પડતાં મૂકીને ઉઠાવતા. એમ કરતાં કરતાં પાંચ વર્ષ વીતી ગયાં ત્યાર પછી એટલે લગભગ ૩૦ વર્ષની પાકી ઉંમરે સત્યા નામે એક ૧૬ વર્ષની ઉંમરનાં બ્રહ્મકુમારી સાથે તેમનાં લગ્ન થયાં. પ્રભુકૃપાએ આ ઉત્તમરામને યોગ્યજ સત્યા સતિ મળ્યાં હતાં તેઓ ભણેલાં અને એક ઉત્તમ કુળવાન માબાપની [1]તનયા હતાં. તેઓ પોતાના પતિને પરમેશ્વર તૂલ્ય માની તેમની આજ્ઞા ઉઠાવતાં એટલુંજ નહિ પણ પોતાનાં સસરા સાસુને તેઓ માબાપ કરતાં અધિક માનથી ચાહતાં હતાં. પોતાના પુત્રનો સુખી સંસાર જોઇને અને સત્યા જેવાં સદ્દગુણી સ્ત્રીનો સંબંધ થએલો જોઇ વૃદ્ધ માતાપિતા અતિ હર્ષઘેલાં થઇ જતાં પરન્તુ

૧. પુત્રી.

દૈવની ગતિ ન્યારી છે થોડે દિવસે વરસ વરસને અંતરે માતા પિતા આ અસાર સંસારની વેદનામાંથી મુક્ત થઇ સ્વર્ગે સીધાવ્યાં. આથી ઉત્તમરામને તથા સત્યાને ઘણું લાગી આવ્યું. તેમની તેમને મોટી ખોટ જણાવા લાગી. પરંતુ 'દુઃખનું ઓસડ દહાડા' એ કહેવતાનુસાર ધીમે ધીમે દિનપ્રતિદિન એ દુઃખ ઓછું થવા લાગ્યું. ત્યાર પછીનાં સાતમે વર્ષે તેમને કન્યારૂપી રત્ન પ્રાપ્ત થયું. એ કન્યા, એજ આ કથાનાં સતિ નર્મદાજ હતાં.

ભજન.

(સત્યા) (રાગ—ઘેલી તો થઈ રે.)

હર્ષઘેલી તો થઇરે માતા, ઘેલી તો થઇ બાલા બુદ્ધિશાળી જોઇ
માતા......

સરખા સખીઓ સાથે નિત્ય નિત્ય રમતીરે (૨)
અનેક ચેષ્ટાઓ કરતી માતાને તે ગમતીરે. બાલા......
નિજ જનક પાસે ભણે પ્રેમ ભાવેરે (૨)
વિવિધ પુસ્તક વાંચે આણે ન અભાવે રે. બાલા......
જોઇ પુત્રિ માતા પિતા, ચિંતાતુર ભારેરે (૨)
મળે પાત યોગ્ય તો તે આનંદ અમારેરે. બાલા......

ચંદ્રની કળા દિવસે દિવસે જેમ વધતી જાય છે તેમ નર્મદા વધવા તથા ખીલવા લાગ્યાં. તેમની નાનપણની નિર્દોષ રમત ગમતો જોઇ માતાપિતા ઘણાં આનંદ પામતાં. સાત વર્ષની ઉંમરે ગૃહશિક્ષણ ઉપરાંત પોતાના પિતા પાસે તેમણે ધર્મશિક્ષણ ચાલુ કર્યું. લગભગ બીજાં સાત આઠ વર્ષમાં તેમણે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કરી એક [1]વિદુષિ બાઇ તરીકે જાહેર થયાં. તેમની યોગ્ય ઉમ્મર થએલી જોઇ

---

૧. વિદ્વાન.

માતાપિતાને તેમના લગ્નને માટે ચિંતા [2]ઉપસ્થિત થઇ. એક કુળવાન અને વિદ્વાન બ્રાહ્મણના દીકરા સાથે અયોધ્યામાંજ તેમનું [3]વાગ્દાન કરવામાં આવ્યું પરંતુ દૈવવશાત્ વાગ્દાન કર્યા પછી બરાબર ત્રીસમે દિવસે તે છોકરો પરલોકવાસી થયો, તેથી બીજા છોકરા સાથે તેમનો વિવાહ કરવામાં આવ્યો, તો તેની પણ ત્રીસમે દિવસે તેનીજ દશા થઇ. આ બે છોકરાઓના મરણથી આખા અયોધ્યામાં કોઇ પણ બ્રાહ્મણનો દીકરો નર્મદા સાથે લગ્નથી જોડાવા ખુશી ન હતો, તેથી બિચારા ઉત્તમરામે બહાર ગામ તેમનો એક પછી એક એમ ત્રણ જગાએ વિવાહ કર્યા તો તે ત્રણે જગાના છોકરા પુરા ત્રીસ ત્રિસ દિવસે સ્વર્ગવાસી થયા. આવા બનાવને લીધે અયોધ્યાથી ફરતા પચાસ પચાસ કોશ સુધીમાં કોઇ પણ નર્મદા સાથે લગ્નથી જોડાયું નહિ. નર્મદાના વિવાહના સંબંધમાં ઉત્તમરામ જ્યારે નિષ્ફળ નીવડ્યા ત્યારે તેમને ઘણી મુંઝવણ થવા લાગી—

(ઊતમરામ)   રાગ, ભૈરવી.

મુંજ બાળાના લાળા મનમાં, નવ રહેવું ગમે આ ભુવનમાં,
શું મુખ બતાવું હું જનમાં, લાચાર બન્યો આ જીવનમાં...ટેક.
પાંચ સ્થળે સગપણ કરીને, વરાવવા ઉમંગ ધરીને;
તે સહુ ગયા શર્ણું હરિને, આજાર બન્યો છું હું ડરીને.. મુંજ.

ઉત્તમરામને નર્મદા માટે પુષ્કળ ચિંતા થઇ અને તેને લીધે શરીર કૃષ થવા લાગ્યું. પરિણામે ક્ષયરોગ લાગુ પડયો; વિદ્વાનો કહે છે કેઃ–**चिता चिंता समायुक्ता, बिन्दुमात्र विशेषतः सजीवं दहते चिन्ता, निर्जीवं दहते चिता.**

છેવટે આ ચિંતામાં ને ચિંતામાં તેમની માંદગી વધી પડી

---

૨. ઉત્પન્ન. ૩. વિવાહ.

અને તેમણે પોતાના પ્રાણ છોડયા. તે પછી સત્યા પણ તેની તેજ ફિકરમાં સ્વર્ગવાસી થયાં.

(નર્મદા) રાગ ચાલુ.

માતાપિતા પહોંચ્યાં પરલોકે, ઉદાસિન બાળા આલોકે;
કરવું શું એ મનમાં શોકે, વારે વારે વિચારતી જોકે.
નિશ્ચય અંતર એ ધાર્યો, ન જન્મ થાય મુંજ અકારો;
ઇશે અવસર આપ્યો સારો, મનુષ નાવ મળ્યું તે ઇસારો.
સરયુ તટ નિકટ એ વનમાં, હવે ન રહેવું છે આ જનમાં;
તપોબળથી તરવું ત્રિભુવનમાં, ધારી દઢતા એવી મેં મનમાં.

આ પ્રમાણેનો નિશ્ચય કરી ઘર, ગામ, આપ્તવર્ગ અને જનસમૂહનો ત્યાગ કરી આ પવિત્ર બાળા પોતાનું કલ્યાણ કરવા માટે સરયુ નદીપર આવી.

ગીતિ.

તન મન ખાળી બાળી, વાળી વૃત્તિ શ્રી હરિ પદામ્બુજે,
શ્રીવર સ્થાપ્યા સ્નેહે, તિમિર ગયું ને ત્રિલોક સુઝે;

એ રીતે તે બાળાએ મહાન ઉગ્ર તપ આદર્યું. જેના તપોબળથી સમસ્ત દેવો પ્રસન્ન થયા. અને તેજ તપોબળના પ્રભાવ વડે સદેહે તેને સુરેશ્વરની સભામાં જવાની પ્રાપ્તી થઈ; અને તે સભામાં પણ પોતાના જ્ઞાનનો પ્રકાશ પાડવા લાગ્યાં. આ તેમનું જ્ઞાન જોઇ દેવસમુહ ઘણો આનંદ પામતો. દિવસે દેવોની સભામાં બીરાજતાં પરંતુ સાયંકાળ પડતાંજ પોતાના સ્થાનકે પાછાં ફરતાં હતાં. એક સમયે તે પોતાને સ્થાનક આવવા પાછાં ફરતાં હતાં તેવે પ્રસંગે ઇન્દ્ર રાજાએ નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો, કે—

(નર્મદા) દોહરો.

પહોંચે પ્રતિદિન પ્રેમથી, નેમથી આવે ઘેર;
સુરપતિએ પૂછ્યું કહો, જીવ શિવ શી પેર ?

ઇન્દ્રરાજા પ્રત્યે દેવી નર્મદા કહેવા લાગ્યાં, કે આપના પૂછેલા પ્રશ્નનો ઉત્તર હું આવતી કાલે આપીશ. કારણ કે હું માતાપિતા રહિત છું, તેથી મારો આમવર્ગ મને અત્રે મોડું થઇ જતાં મારા પ્રત્યે શંકાની નજરે જોશે. માટે હાલ તો હું જવાની રજા માગું છું. એ પ્રમાણે કહીને તેઓ સભામાંથી બહાર નીકળ્યાં. થોડેક છેટે આવ્યા પછી વિચાર થયો, કે મારે ઇન્દ્રે પૂછેલા પ્રશ્નનો ઉત્તર તરતજ આપવો જોઇતો હતો. કેમકે વિદ્વાનજનો પ્રશ્નના ઉત્તર કદી પણ મુલતવી રાખતા નથી. વળી હું આવતી કાલે પ્રશ્નનો ઉત્તર આપીશ તો સર્વે દેવોના મનમાં શંકા ઉત્પન્ન થશે. એમ વિચારી ત્યાંથી પાછાં ફરીને સભામાં આવ્યાં તો ત્યાં પોતાને બેસવાની જગા ખોદાતી જોઇ તેઓ ઘણાં ખિન્ન થયાં અને આમ કરવાનું કારણ સુરેશ્વરને પૂછવા લાગ્યાં, કે શું મારા બેસવાથી આ ભૂમિ અપવિત્ર થાય છે ! ? ત્યારે દેવેન્દ્ર કહેવા લાગ્યા કે હે બ્હેન તમે પતિરહિતા છો તેથી બેસવાની જગા તો અપવિત્ર બને છે એટલુંજ નહિ પરંતુ તમે જે જે જગાએ પોતાનું પગલું મૂકો છો તે જગાને પણ અપવિત્ર કરો છો. આ શબ્દો સાંભળતાંજ નર્મદાને ઘણુંજ માઠું લાગ્યું અને ગદગદિત કંઠે તેઓ ઇન્દ્ર પ્રત્યે કહેવા લાગ્યાં કે—

(નર્મદા) ભૈરવી.

સુણો સુરરાયા દુઃખનું, [1]નિદાન, નિર્ભાગી હું અબળા જાતિ.
પતિ[2] વિહિન ઉરમાં અકળાતી, ભાગ્ય ગતિ નથી કોથી કળાતિ
તેથી ભૂલી ભાન. સુણો..........................

---

૧ કારણ. ૨ વગર.

જે નર મમપતિ થવાને સ્વીકારે, માસ પછી યમપુરે પધારે;
[3]દુસહ દોષ આ કોણ નિવારે, આપો જ્ઞાન દાન. સુણો.

ઉપર પ્રમાણેના બાળાના બળાપા સાંભળી ઇન્દ્રરાજા ધીરજ આપી કહેવા લાગ્યા કે હે બ્હેન બીલકુલ ગભરાતાં નહિં. જાઓ હું તમને રસ્તો બતાવું છું કે–આજથી ત્રણ દિવસ સુધી રાત્રિ દિવસ તમારા નગરમાં તમે પોકાર કરજો ને કહેજો, કે મારૂં કોઇ પણ પુરૂષ પાણિ ગ્રહણ કરો. આ પ્રમાણે પોકાર કર્યા છતાં કોઇ પુરૂષ તમારૂં પાણિ ગ્રહણ કરનાર ન મળે, તો તમને બીજો યોગ્ય રસ્તો બતાવીશ. આ પ્રમાણે કહીને તેમને તેમનાં સ્થાન ભણી વિદાય કર્યાં.

(નર્મદા. કાલીંગડો.

ફરતી જાતો જાતરે, દેવી છે સાક્ષાતરે. ટેક.
માન મરજાદ મૂકી મહિલાનું, મનમાં એવું ધારે;
ઇન્દ્ર વચન પર વિશ્વાસ રાખી ઉમંગી છે ખરેખાતરે. ફરતી...
સતિ શબ્દો સુણતા સહુ લોકો ભયભીત થાયે ભારે;
પતિવિહિન અકળાઇ આજે, જેથી મેળવવા ભલી ભાતરે. ફરતી...
જો કોઇએ સંકલ્પ કર્યો તો, મરશો મહિલા માટે;
દુર્ભાગીને દૈવ કોપ્યાથી, દિન નથી રળીઆતરે. ફરતી...
ત્રિરાત્રી તિમિર સમયમાં, ફરી ફરીને થાકી;
છેલ્લા અવાજે શાંડિલ્ય પુત્રે, કરવા ધારી ધાતરે......ફરતી...

નર્મદા ત્રિજી રાત્રના બાર વાગતાંના સુમારે જ્યાં શાંડિલ્ય પુત્ર કૌશિકનો દવાખાનામાં નિવાસ છે ત્યાં છેલ્લો અવાજ કરી નિરાશ થઇ પાછાં ફરે છે; તેજ વખતે કૌશિક આ અવાજ સાંભળી ચમકયો. તેણે વિચાર્યું, કે આવી ઘોર રાત્રિને સમયે કોઇ મનુષ્ય બાળાનો અવાજ

3 સહન ન થઈ શકે તેવું

હોઇ શકે નહિ, પરન્તુ કોઇ રાક્ષસી, યક્ષિણી, વ્યંત્રો કે ચૂડેલનો અવાજ હોવો જોઇએ. હું મારા શરીરની વ્યાધિથી ઘણો અકળાઇ રહ્યો છું. હવે જીવવું એ માત્ર દુઃખી થવાને માટેજ છે તો તેને બોલાવી મારા શરીરનું બળીદાન તેને આપી દઉં એવી ધારણાથી—

(કૌષિક) ગીતિ.

સુર શ્રવણે જ્યાં આવ્યો, દુખિત દીલે પણ અતિશે ભાવ્યો;
અશક્ત કર લંબાવ્યો, જાણે દુઃખથી વિધિએ છોડાવ્યો.

આ પ્રમાણેનો નિશ્ચય કરી કૌશિકે પોતાનો અશક્ત હાથ ઉંચો કરી ઘણાજ મંદ અવાજથી નર્મદાને પોતાની પાસે બોલાવ્યાં. નર્મદા ત્યાં આવીને જુએ છે તો કૌશિકના શરીરમાંથી ઘણીજ દુર્ગંધી નીકળતી હતી. તોપણ તે કૌશિકની પાસે આવ્યાં અને તેને કહેવા લાગ્યાં કે,—

(નર્મદા) દોહરો.

ઉર અકળાએલી અતિ, બોલી મુખે વાણ;
કૌશિકને કહે શું, અહો છો મમ પાણ?

બાળાનું સુંદર પ્રતિભાવાળું સ્વરૂપ જોતાંજ તથા તેનો પ્રશ્ન સાંભળતાંજ કૌશિકની ભ્રમણા દૂર થઇ. અન્યોઅન્ય બ્રાહ્મણનાં સંતાન છે તેવી ખાતરી થયા પછી તે કહેવા લાગ્યો, કે હે બાળા તમે મારી પાસે જે માગણી કરો છો, તે માગણીને લાયક હું રહ્યો નથી. તમે જુઓ છો, કે હું એક રક્તપિત્તના ભયાનક રોગવડે પીડાઉં છું. અને શરીરે એવો અશક્ત બની ગયો છું, કે ઉઠીને ઉભા થવાની અથવા તો ચલનવલન કરવાની શક્તિ મારી નાશ પામી છે. વળી મારા શરીરમાંથી નીકળતી દુર્ગંધીને લીધે કોઇ મારી પાસે આવવા ચહાતું નથી. આવી સ્થિતિમાં તમારી સાથે લગ્નથી જોડાઇ પતિને

યોગ્ય ધર્મો હું કોઇ રીતે બજાવી શકું તેમ નથી. અને તેથી આ જન્મમાં આ સ્થિતિ ભોગવું છું તો તમારા જેવાં કલ્યાણીને દુઃખી કરવાથી મારી બીજે જન્મે શી ગતિ થશે તે હું કહી શકતો નથી.

કૌશિકના આ પ્રમાણેના નીખાલસ શબ્દો સાંભળી નર્મદા કહેવા લાગ્યાં, કે હે બ્રહ્મકુમાર, આપના દુઃખ કરતાં મારા દુઃખની કહાણી અતિશય કઠણ છે. મારા પિતાએ મારૂં પાંચ જગોએ વેવિશાળ કર્યું પરંતુ મારા દુર્ભાગ્યે એ પાંચે જણે વાગ્દાન થયા પછી બરાબર ત્રીસમે દિવસે દેહ છોડયા. અને તેથી હવે કોઇપણ બ્રાહ્મણનો દીકરો મારી સાથે લગ્નથી જોડાવા માગતો નથી. તમે જો કે અશક્ત અને મહા ભયંકર રોગથી પીડાઓ છો, તોપણ હું તમને એક મારા પતિ તરીકે સ્વિકારવા ઇચ્છા ધરાવું છું. અને તેનો સ્વિકાર થયા પછી મને જે જે વિપત્તિઓ પડશે તે તે હું હસતે મુખે અને મારો ધર્મ સમજી પુરા ઉમંગથી વેઠી લઇશ.

કૌશિકે વિચાર્યું કે ઘણા દિવસ થયાં મહા વ્યાધિથી પીડાયાં કરૂં છું; તોપણ શરીરનો અંત આવતો નથી. તો હવે પ્રભુએ દયા કરી છે જેથી આ બાળા સાથે લગ્ન કરી પુરા ત્રીસ દિવસે દુઃખમાંથી મુક્ત થાઉં એમ વિચારી બાળા પ્રત્યે કહેવા લાગ્યો, કે કલ્યાણી, તમારી જો એમજ ઇચ્છા છે તો તમારી માગણીનો હું તિરસ્કાર કરી શકતો નથી. આ શબ્દો સાંભળતાંજ નર્મદા ઘણાંજ પ્રસન્ન થયાં અને કૌશિકને ઘણાજ આનંદથી અને અનહદ પ્રિતિયુક્ત પોતાને ઘેર લાવી તેની જોડે લગ્ન કર્યું.

(નર્મદા) મને ભૂલી રે ગયો છે—એ રાગ.

શાણી વાણી બોલે પતિ પ્રત્યે પ્રેમથી રે.
પવિત્ર જળથી સ્નાન કરાવતી રે, સતિ સેવા કરે ખરા લહાવથીરે;

છતાં ક્રોધિત થઇ બોલે છે મહેરબાન, ભૂલી ભાન–શાણી—ટેક.
શયનાલયે પર્યંકમાં પોઢાડતી રે, સ્વચ્છ શાલ દુશાલા ઓઢાડતીરે;
પતિસેવામાં છે અભિમાન, રાખે ધ્યાન—શાણી........

ક્રૂર કંથ મળે જો કોઇ કામનીરે, નિંદો નહિ કરી વાતો ન કામનીરે;
મળે નર્ક નહિ ફર્ક રાખો ધ્યાન, છોડી અભિમાન—શાણી......

મંગળચાહો સહુ આનંદ છે અતિરે, છોડી સેવા ન દોડો દેવો પ્રતિરે;
પતિભક્તિમાં બ્હેનો છે કલ્યાણ, રાખો ધ્યાન—શાણી........

પતિપરાયણ સતિ નર્મદા સ્વામીની ઇચ્છાનુસાર પૂછીને હંમેશાં ભોજન તૈયાર કરતાં; અને કૌશિકના શરીરમાંથી નીકળતા પરૂ, રૂધિરથી બગડેલાં કપડાં ધોઇ સાફ કરી સ્વચ્છ કપડાંવડે બિછાનું બિછાવતાં. રોગની વેદનાથી તથા તેના તામસી સ્વભાવને લીધે કૌશિક ઘણો અકળાઇ જતો અને નર્મદાને કોઇ કોઇ વખતે અસહ્ય શબ્દો કહેતો તથાપિ સતિ યત્કિંચિત્ પણ મનમાં માઠું લગાડતાં નહિ અથવા તો જરા પણ રોષ રાખતાં નહિ. એટલુંજ નહિ પરંતુ પુરા પ્રેમવડે તેમને આશ્વાસન આપતાં સ્વપ્નમાં પણ તેઓ પોતાના પતિ પ્રત્યે અભાવ આણતાં નહિ. અત્રિ ઋષિનાં પત્ની સતિ અનસૂયાએ સીતા માતા પ્રત્યે જે બોધ કરેલો તે બોધને સતિ નર્મદા પુરેપુરા આચારમાં મૂકતાં સતિ અનસૂયાએ સીતા માતા પ્રત્યે કહ્યું છે, કે:—

ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી,
  આપદ કાલ પરિખિ એહિ ચારી;
વૃદ્ધ રોગ બશ જડ ધન હીના
  અંધ બધિર ક્રોધિ અતિ દીના
એસેહુ પતિકર કીય અપમાના

નારીપાવ યમપુર દુઃખનાના
પતિવંચક પરપતિ રતિ કરહી
રૌ રૌ નર્ક કલપ શત પરહી.

વળી શ્રીકૃષ્ણુ પાસે ગોપિકાઓ ગઇ ત્યારે એજ આજ્ઞા થઇ છે, કે—

दुशीलो दुर्भगो वृद्धो, जडो रोग्य धनोपिवा ।
पतिः स्त्रीभिर्न हातव्यो, लोकेप्सु मिपतिको ॥

સતિ નર્મદાના આ ચરિત્રથી તેમજ સતિ અનસૂયાએ સીતા પ્રત્યે કાઢેલાં ઉદ્દગારો પરથી અને શ્રીકૃષ્ણુચંદ્રે ગોપિઓને કરેલી આજ્ઞા ઉપરથી સમજાય છે, કે સ્ત્રીઓએ પોતાના પતિ અંધ, બ્હેરો, મુગો, વૃદ્ધ, નિર્ધન, પાપી કે અનીતિમાન હોય તોપણુ તેની તન મનથી અને પુરા પ્રેમથી સેવા કરવી, તેમાંજ તેમનું કલ્યાણુ સમાએલું છે. પરન્તુ પતિની સાથે કાપટય કરનારી, જૂઠું વદનારી તેમજ પરપુરુષ સેવનારી એવી અનાચારી સ્ત્રીએ આ જન્મે લોકસમુહમાં અપયશ મેળવી તિરસ્કારને પાત્ર બની પરલોકમાં રૌ રૌ નરકવાસના ભોગવે છે અને બીજે જન્મે પણુ પૂર્વનાં કાળાં કૃત્યનો તેમને પુરેપુરો બદલો મળે છે. માટે પતિપરાયણુ રહેવું, શરીરની મર્યાદા પુરેપુરી સચવાય તેવાં અને સ્વચ્છ કપડાં પહેરવાં, ઘરની તેમજ ઘરના સરસામાનની અને રાચરચીલાંની પુરેપુરી સાફસુફી કરવી. રાંધવાનાં વાસણો, લોટા, પંચ-પાત્રો વગેરે નિત્યનાં વપરાશનાં વાસણો નિયમિત સાફ કરવાં, અનાજ અને બીજા ખાસ પદાર્થોની વખતો વખત સંભાળ લેવી. પોતાના શરીરે સ્વચ્છ રહી બાળકોને તેટલીજ કાળજીથી ચોખ્ખાં રાખવા તજવીજ કરવી. બાળકોની શરૂઆતની કેળવણીનું જોખમ તેની માતાને શિરે રહેલું છે. માટે પોતાનું વર્તન શુદ્ધ રાખી બાળ-કોને તે વર્તનનો ઉપદેશ આપવો. દરરોજ ઇશ્વરભક્તિ સિવાય એક

પણ દિવસ વ્યર્થ જવા દેવો નહિ અને બાળકોને પણ તેજ બોધ આપવો તથા તેમને તે પ્રમાણે વર્તવાને ટેવવાં. ફુરસદને વખતે આડોશીપાડોશી સાથે બેસી ગામગપાટા હાકવાની ટેવ છોડી દેવી તેવે વખતે ભરવાનું, શિવવાનું કે હરકોઇ બીજું કામ હાથ ધરવું. હંમેશાં કામમાં રોકાએલાં રહેવું જેથી પરનિંદા કે ખોટી કુથલી કરવાની ટેવ પડે નહિ. પોતાનાં સદ્દવર્તનની છાપ બીજા ઉપર પાડી બીજાંને સુધારવા પ્રયત્ન કરવો—સતિ નર્મદાનો પતિ જોકે ઘણો તામસી, દુર્વ્યસની અને જુગારી જેવો હતો પરંતુ સતિના સહવાસમાં રહેવાથી સતિની તેના ઉપર પૂર્ણ અસર થઇ, પોતાનો તામસી સ્વભાવ તેણે બદલી નાંખ્યો દુર્વ્યસની કે દુરાચારો મિત્રોનો સર્વદા ત્યાગ કર્યો અને સતિ નર્મદાના સહવાસમાં રહ્યાથી તેની બુદ્ધિ નિર્મળ થઇ, નિર્મળ બુદ્ધિ થતાંજ તેને તેના પાછલાં કર્મોનો પશ્ચાતાપ થવા લાગ્યો અને તેથી સતિ નર્મદા પ્રત્યે કહેવા લાગ્યો કે—

(કૌષિક) દોહરો.

સતિ તારા સુસંગથી છુટ્યું છે અજ્ઞાન;
કાળાં મારાં કર્મની, હવે હકીકત જાણ.

શું કહું કથની મારી......એ રાગ.

સતિ મતિ મુઝાણી આજ, શું કહું કર્મની કહાણી;
મુજ કુકર્મથી બુદ્ધિ હણાણી, આજ શું કહું.........ટેક.
સરયુ તટ પર, શાંડિલ્ય ઋષિ રહે છે પુરી વાસ;
હું અભાગી પુત્ર એહનો, ચોરી દ્રવ્ય મન ધરી આશ—
શું કહું...........
આવી અયોધ્યા માંહી વસીઓ, કામ કર્યું મેં કુડું,
દુર્જન સંગથી દ્રવ્ય હું હાર્યો, થયું ન મારૂં રુડું. આજ—
શું કહું...........

રક્તપિત્ત સર્વાંગે વહે છે, કર્મ કર્યાં નઠારાં;
એ પાપથી હું મુક્ત થાઉં તો, સદભાગ્ય સમજું મારાં—આજ—શું.
સતિ અતી તુજ સેવાથી, મતિ સુધરી છે મારી;
હુંપદપણું હવે છૂટી ગયુંને, શરણુ રહ્યો છું તારી—આજ—શું.

આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતો કૌશિક સતિ નર્મદા પાસે એક રંક જેવો બની જઇ ગદ્દગદ્દ કંઠે રોઇ પડયો. અને પોતાની અથથી તે ઇતિ સુધીનો સઘળો વૃતાંત તેણે સતિ નર્મદાને કહી સંભળાવ્યો. સતિએ તેને આશ્વાસન આપી શાન્ત કર્યો. તેજ વખતે તેણે સતિ નર્મદાને કહ્યું, કે જો આ બધાં મારાં કુકર્મોને તમે ક્ષમા આપતાં હો તો મારી એક નમ્ર માગણીનો સ્વિકાર કરો. પતિપરાયણ સતિએ લગાર પણ નહિ ગભરાતાં તે માગણી પુરી કરવાને પ્રસન્ન મુખથી વચન આપ્યું. ત્યારે કૌશિકે કહ્યું, કે મારાં પાછલાં બધાં કુકર્મો તમારી સાથેના સંબંધને લઇને અને તમારા ઐશ્વર્યને લીધે જો કે નાશ પામ્યાં છે, તથાપિ મારી ઇચ્છા ચારે ધામની યાત્રા કરવાની છે. મારૂં શરીર આ રક્તપિત્તના રોગવડે તદન અશક્ત બન્યું છે, તોપણ મારી ખાતરી છે કે તમે મને એ યાત્રાઓ પૂર્ણપણે કરાવી મારી ઇચ્છા સફળ કરશોજ.

(નર્મદા) ગીતિ.

સુણી પતિની વાણી, શાણી સતિ લેષ ન ગભરાણી;
વદી પ્રેમે જોડી પાણિ, યાત્રા ઇચ્છા આપની મેં જાણી...

સતિ ગભરાયા વગર પોતાના પતિને તિર્થયાત્રા કરાવવાન વિચારમાં પડયાં. પતિ શરીરે અશક્ત હોવાથી તેમને કેવી રીતે યાત્ર કરાવવી એ વિચારે તેમને પ્રથમ તો ગુચવ્યાં. કેમકે અશક્ત શરીરે યાત્રાઓ કરાવવી, એ કામ મહાન વિકટ હતું, તેમજ જો યાત્રા ન કરાવે

તો પોતાના પતિવ્રતપણાને ઊણપ લાગે. છેવટે વિચાર કરતાં યુક્તિ હાથ આવી. પતિને રસ્તામાં તેમના શરીરે કંઇ પણ ઇજા થવા ન પામે તેથી તેમણે એક લંબચોરસ કરંડીઓ તૈયાર કરાવ્યો, કે જેમાં એક માણસ સુખે સૂઇ શકે. આ કરંડીઆમાં રૂની સુંદર ગાદી બિછાવી તેમાં પોતાના પ્રાણેશને સૂવાડી માથે મૂકી મુખ્ય મુખ્ય યાત્રાઓ કરાવવા માંડી.

(નર્મદા) આશાવરી.

પદપાળી ચાલી જાય, સતિ તવ પદપાળી ચાલી જાય;
આવી જાન્હવી નાય, સતિ. ટેક.
આવી જગદિશ દ્વારે આપ, પતિનાં ધોવા પાપ અમાપ;
પડી પાદ માંય. સતિ તવ.
રામ સ્થાપિત રામેશ્વર આવી, વિપ્રો પાસે પુજન કરાવી;
સ્તવ્યા શંભુરાય. સતિ તવ.
કાશી વાસી વિશ્વનાથને પ્રીતે, સ્તુતિ કરે બેઊ શાસ્ત્રની રીતે:
ભજને અઘ કપાય. સતિ તવ.
દ્વારકાંવાળા કાનજી કાળા, મોરલીવાળા ને લટકાળા,
નિરખ્યા મંદિર માંય. સતિ તવ.
પ્યારા મારા નાહ કરો ન્યારા, સત્યના આધારા પ્રભુ કહે દીનદારા;
(મુજ) પતિ અતિ અકળાય, સતિ તવ.
મુજ આધાર નગધાર. કર પાર, બ્હાર કર વિભુ શી છે વાર;
મુજ વિજય વર્તાય. સતિ તવ.

આવી રીતે દરેક ધામમાં પ્રભુ સાનિધ્ય [1]પુલકિત હ્રદયે પ્રાર્થના કરતાં હતાં. અને પોતાના પતિને પાપમાંથી મુક્ત કરી હંમેશાં

---

૧ આનંદિત.

સદ્દબુદ્ધિ આપવા પ્રભુને વિનવતાં હતાં. પતિની યાત્રાની ઇચ્છા પૂર્ણ કરાવી પોતાના નગર પ્રત્યે આવવા માટે સતિ દ્વારકાંથી નીકળ્યાં. પ્રભુએ સતિ નર્મદાની ઇચ્છા કેવી રીતે પૂર્ણ કરી, તે હવે આપણે જોઇએ.

અયોધ્યા નગરમાં શત્રુજીત નામના રાજા રાજ્ય કરતા હતા. આસો માસની સુદિ ૧૪ ને દિવસે મધ્યરાત્રીએ કેટલાક બદમાસ માણસોએ આ રાજાની ત્રિજોરીની લૂંટ કરી.

દોહરો.

ચતુર્દશીની રાતમાં, પડયા ચોર બે ચાર;
રાજકોષ લૂંટી ગયા, તદપિ ન જાગ્યા[1] ચાર.

બદમાસો ત્રિજોરી ફાડી પુષ્કળ ધન લઇ ગયા, ત્યાર પછી આ ચોરીની જાણ થઈ. જાણ થતાંજ રાજસેવકો ગભરાયા અને ગમે તેમ થાય તો પણ ચોરી તો પકડવીજ જોઇએ, એવા નિશ્ચય ઉપર આવ્યા. કેમકે રાજધન ચોરાયાથી શૂળીની સજામાંથી બચવું મુશ્કેલ હતું. તુરતજ ચારે દિશાએ જોઇતાં માણસો મોકલી તજવીજ કરાવવા માંડી. નાઠેલા ચોરોએ આ માણસોને વેગળેથી જોયા, કે તુરતજ

(માંડવ્ય મુની) દોહરા.

આસન એકાંતે કરી, આશ ઉર ન લગાર;
સમાધિમાં બેઠા હતા, મુનિવર સરયુ પાર.
એક હાર હીરા તણો, ઘણો હતો મૂલદાર;
આરોપી મુનિ કંઠ તે, આરોપી થયા પસાર.

સરયુને કાંઠે મહાન સમર્થ અને તપસ્વી મુનિ માંડવ્ય તપ કરતા હતા. તેઓએ સમાધિ ચઢાવેલી હતી, ત્યાં ચોરો આવી પહોંચ્યા.

---

૧ નોકરો.

પાછળ આવનાર માણસોના ભયને લીધે એક અમૂલ્ય હીરાનો હાર માંડવ્ય મુનિના ગળામાં આરોપણ કર્યો અને બીજું દ્રવ્ય પણ તેજ ઠેકાણે મૂકી છૂટા થઇ છૂપાઇ ગયા. રાજસેવકો આ મુનિના આશ્રમે આવી પહોંચ્યા, ત્યાં પોતાનો મુદ્દા માલ તુરતજ હાથમાં આવ્યાથી તેમને ઘણોજ આનંદ થયો અને મહાત્માને ચોર, તેમજ ઢોંગી જાણી તેમને 'હે ચોર હે ઢોંગી જાણ્યા તારા ચાળા' આ પ્રમાણેનાં વચનો કહી તેમને બોલાવવા લાગ્યા; પરંતુ મુનિ ધ્યાનસ્થ હતા, તેથી તેમણે કંઇ ઉત્તર આપ્યો નહિ. આમ થવાથી રાજસેવકોને ખાતરી થઇ કે ચોક્કસ ધનનો ચોરનાર આજ ચોર છે, તેથી તેમને ઉઠાવીને અયોધ્યામાં લાવ્યા.

પૂર્ણિમાને દિવસે સવારે જ્યારે દરબાર ભરાયો, ત્યારે રાજસેવકોએ ગઇ રાત્રીએ બનેલો બનાવ મહારાજાને કહી સંભળાવ્યો; અને ચોરાએલો મુદ્દામાલ તેમના આગળ રજુ કર્યો. આ માલ રજુ થતાંજ મહારાજાનો મિજાજ હાથથી ગયો. તેણે વિચાર્યું જે રાજકોષ લૂંટે તે સખસ રૈયતનું શું બાકી મૂકે માટે એવા ચોરને જીવતો મૂકવો, કે, એ ઠીક નથી. એ પ્રમાણે વિચારી તુરતજ માંડવ્ય મુનિને શૂળી ઉપર ચઢાવવા મહાન ભયંકર આજ્ઞા કરી.

મરાઠી સાખી.

ધ્યાની જ્ઞાની ન જાણી ભૂપે, અજ્ઞાની બની આજ્ઞા દીધી;
સત્વર સેવક ચાલ્યા સઘળા, શૂળી રોપી હતી જ્યાં સીધી.

આજ્ઞા થતાંજ રાજસેવકો બિચારા ધ્યાનસ્થ મુનિને જ્યાં શૂળી રોપવામાં આવી હતી, ત્યાં લઇ ચાલ્યા; અને આ પ્રમાણેની ધ્યાનસ્થ સ્થિતિમાં તેમને શૂળી ઉપર ચઢાવવામાં આવ્યા. મુનિ સમાધિમાં હોવાથી શરીરનું કંઇ પણ ભાન તેમને નહતું. તેમજ

તેમના પ્રભુ પ્રત્યેના એકાગ્રચિત્તને લીધે શૂળીના ફળથી બરાબર સવા હાથ તેમનું શરીર ઉંચું રહેવા લાગ્યું. આ જોઇ રાજસેવકોને અને બીજા લોકોને ઘણો અચંબો લાગ્યો. કેટલાક તેમને માટે તર્ક વિતર્ક કરવા લાગ્યા અને કહેવા લાગ્યા, કે આ પાકો ચોર હોવો જોઇએ અને જાદુ ક્રિયા પણ જાણતો જણાય છે. જેમ જેને ફાવે તેમ બોલવા લાગ્યા. પરંતુ હવે તેનું શું થાય છે તે જોવાની સૌની જીજ્ઞાસા વધી. સાંજ પડવા આવી અને સમાધિનો વખત પુરો થવા આવતાં શરીર ધીમે ધીમે નીચે સરવા લાગ્યું, અને છેવટે સમાધિ છૂટતાં શૂળીના ફળ ઉપર શરીર સ્થિત થયું. શૂળીના ફળ ઉપર શરીર આવતાં રાજસેવકોએ અને લોકોએ પોતાના ઘર પ્રત્યે પ્રયાણ કર્યું. આ તરફ બિચારા નિરપરાધી યોગેશ્વર અને મહાન સમર્થ મુનિ મહારાજ શૂળી ઉપર આવતાં અને ધ્યાનમાંથી જાગૃત થતાંજ ચમક્યા અને વિચાર કરવા લાગ્યા, કે "મેં આ જન્મમાં કંઇ પણ પાપકર્મ કર્યું નથી. હંમેશાં ઇશ્વર પરાયણ રહી હું મારાં કૃત્યો બજાવું છું. છતાં આ સ્થિતિમાં શા કારણથી આવવું પડ્યું હશે" એમ શૂળી ઉપર રહ્યા વિચાર કરે છે. સુદિ પૂર્ણીમાની ભવ્ય અને ચાંદની રાત્રે જ્યારે આનંદનો સમય છે, ત્યારે મુનિ મહારાજ આ સ્થિતિમાં અને વિચારમાં શૂળી ઉપર ગમગીન થયા છે. તેજ અરસામાં સતિ નર્મદા પોતાના સ્વામીને કરંડીઆમાં સૂતાડી માથે મૂકી હર્ષભેર પોતાના નગર પ્રત્યે આવતાં હતાં.

(નર્મદા) દોહરો.

આવી સતિ પતિ શિર ધરી, કરી યાત્રા ધામ;
શૂળીપર મુનિવર હતા, શું બન્યું ત્યાં કામ.
કૌશિક પદ ઉંચો હતો, ઉમંગ મનમાં આપ;

સ્પર્ષ્યો ત્યાં મુનિ અંગથી, ક્રોધે દીધો શ્રાપ.
દુઃખીને દુઃખ દીધું ઘણું, પાપી ક્રૂર પ્રમાણ;
ભાનુ ઉદયે ગત થશે, નિશ્ચે તારા પ્રાણ.

આ પ્રમાણેનો શ્રાપ સાંભળી સતિ ચમક્યાં. તરતજ પતિનો કરંડીઓ નીચે મૂકી ઉપર જુએ છે, તો માંડવ્ય ઋષિને શૂળી પર જોયા. પોતાના પતિને ઋષિએ શ્રાપ દીધો, તેથી બન્ને હાથ જોડી ગદ્દગદ કંઠે તેમને વિનવવા લાગ્યાં, કે—

ભૈરવી; થઇ પ્રેમ વશ પાતળીઆ-એ રાગ.

અપરાધ અજાણે અમારો, વિણ મહોતે કાં અમને મારો. અપ૦
સંતજનો નિજ પ્રાણ જતાં પણ, અહિત અવરનું ન ચાહે;
બળે બીજાના દુઃખ દાહે, ઋષિ ધર્મ છે એજ તમારોરે. અપ૦

(નર્મદા.)

દેવી નર્મદા દીન વચનથી ઋષિ પ્રત્યે કહેવા લાગ્યાં, કે હે મુનીશ્વર આ આપની રંક પુત્રી ઉપર દયા લાવો અને દીધેલા શ્રાપનો અનુગ્રહ કરો; કેમકે અમોએ જાણી બુજી આપનો અપરાધ કર્યો નથી. વળી મારા સુખનો સૂર્ય ઉદય થવાની તૈયારીમાં હતો તો આ અણુ-ચિંતવ્યો તેનો અસ્ત કરી દેવો આપને યોગ્ય નથી. મારૂં કાંઠે આ-વેલું નાવ આ આપના શ્રાપ વડે તળીએ જઇ બેસશે, તેનો પણ કંઇક વિચાર કરો. સંતોના ધર્મો વિચારો. તેઓ પોતાને અસહ્ય કષ્ટ પડતું હોય તથાપિ બીજાને દુઃખ દેવા સ્વપ્નમાં પણ ઇચ્છા કરતા નથી.

વળી મહાત્મા તુળસીદાસજી કહે છે, કે—

ચોપાઈ.

संत बिटप सरिता गिरि धरणी, परहित हेतु उनकी करणी.

હે મુનીશ્વર આપ જેવા સંતનું આ બધું અજાણ્યું નહિ હશે;

છતાં મારા દુર્ભાગ્યે તેનું વિસ્મરણ થએલું જણાય છે. મહારાજ પૂર્વના મતંગ ઋષિનું સ્મરણ કરો. તેઓ પોતે ગંગાસ્નાનને માટે ગંગા ઉપર ગયા અને સ્નાનાર્થે કમરપુર પાણીમાં જઇ પહોંચ્યા. ત્યાં નહાતાં નહાતાં પાણીમાં તણાતા એક વીંછી તરફ તેમની દૃષ્ટિ પડી. તુરતજ તેમણે તે વીંછીને પોતાના ખોબામાં પાણી સાથે લઇ લીધો કે લાગલોજ વીંછીએ તેમને ડંખ દીધો. આથી પોતે વાળેલો ખોબો છૂટી ગયો કે વીંછી પાછો પાણીમાં પડયો. પોતાને અસહ્ય વેદના થતી હતી છતાં પાણીમાં મરતા વીંછીને બચાવવા ફરી તેને ખોબામાં લીધો તો ફરી પણ તેણે પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઋષિને બીજો ડંખ માર્યો. આ પ્રમાણે ત્રણ વખત વીંછી ડંખ્યો, છતાં છેલ્લી વારે તેને પાણી બહાર કિનારે ફેંકી દીધો. આમ ઋષિજીને ઘણી વેદના ભોગવવી પડી છતાં પણ પોતાના ભોગે તેમણે વીંછીને બચાવ્યો. આ પ્રમાણે તે ઋષિએ પોતાના ધર્મને પીછાની પોતે દુઃખ વેઠી લીધું. તો મહારાજ, મારા પતિ વડે આપનો જે અપરાધ થયો છે તે તો અજાણપણેજ થઇ ગયો છે, માટે તેમને ક્ષમા કરી દીધેલા શ્રાપનો અનુગ્રહ કરો—

પોતાના પૂર્વ કૃત્યનું ફળ ભોગવવા શૂળી ઉપર ચઢેલા માંડવ્ય ઋષિને આ સતીના શબ્દોની કંઇ પણ અસર થઇ નહિ. છેવટે તેમણે સતિનો તિરસ્કાર કર્યો અને તેને પોતાને રસ્તે પડવાની આજ્ઞા કરી. પરંતુ શ્રાપનો અનુગ્રહ કર્યો નહિ. સતિએ વિચાર કર્યો, કે હવે પ્રાતઃકાળ થતાંજ સ્વામીના શરીરનો અંત આવશે અને તેમ થશે તો પતિસેવાનો ધર્મ બજાવવા હું નિષ્ફળ થઇશ માટે કંઇ પણ ઉપાય કરવોજ જોઇએ. એમ વિચારી તુરતજ તેમણે ગગન તરફ દૃષ્ટિ કરી સૂર્યનું આરાધન કર્યું અને કહેવા લાગ્યાં, કે હે સૂર્યદેવતા

જો મેં પ્રેમપૂર્વક અને શુદ્ધ અંતઃકરણ પૂર્વક . પતિભક્તિ બજાવી હોય, અહો રાત્ર માત્ર પતિમાંજ મારૂં ધ્યાન હોય, તેમને સુખી કરવાને મેં મારૂં બનતું કર્યું હોય, તેમને દુઃખે દુઃખી અને સુખે સુખી મેં મારી જાતને માની લીધી હોય, છે અને મારી સ્વામીભક્તિથી આપ પ્રસન્ન હો, તો મારા પતિના આયુષ્ય માટે અને મારી પતિ–સેવાની ઇચ્છા પૂર્ણ કરવાને માટે મારી આજ્ઞા સિવાય તમારે પ્રગટ થવું નહિ. આ પ્રમાણે સતિની સૂર્યને થએલી આજ્ઞાથી.

દોહરો.

સતિના સત્ય પ્રતાપથી, કરે ન સૂર્ય પ્રકાશ;
ખટમાસ વીતી ગયા, વ્રજમાં રમતાં રાસ.

પતિપરાયણ સતિની આજ્ઞાથી છ માસ સુધી સૂર્ય ઉદય થયોજ નહિ! શ્રીકૃષ્ણ પરમાત્મા તેજ અરસામાં વ્રજમાં ગોપ ગોપિકાઓને રાસનો આનંદ આપવા લાગ્યા. અહો! પતિવ્રતપણાનો શું મહિમા છે! પૂર્વકાળનાં સ્ત્રિરત્નો આપણા આર્યાવૃત્તમાં કેવાં પાકેલાં છે તેનો આ સચોટ દાખલો છે. તેજ આર્યાવૃત્તની હાલની મહિલાઓ હાલ પણ ધારે તો પૂર્વકાળ સમીપ લાવી શકે શું નહિ?!

આ પ્રમાણે સતી નર્મદાએ સૂર્યને આજ્ઞા દઈ પોતાના સ્વામીના આયુષ્યમાં વૃદ્ધિ કરી; તથાપિ દુનિઆંનાં સઘળાં પ્રાણી માત્ર સૂર્યદર્શન વિના અકળાઇને રૂંધાવા લાગ્યાં.

રાગ—જુનું તો થયું.

દીન તો થયા સર્વે દીન તો થયા, દિનકર ઉદય ન થાએ
સૌએ દીન તો થયા; ટેક.
જપ તપ કરતા જોગી, રોગી બહુ રડતારે (૨)
મોત વિના મરતા ડરતા, ઘણા તો ગયા. દિનકર.

[1]तम नव टाळे कोइ, गाळे वखत रोइ रोइ; (२)
प्रलय समय जोइ सहु, वदे छे रखा; दिनकर.

જ્યારે સૂર્યે સ્થંભિત બન્યો અને તેણે છ માસ સુધી લાગ લાગટ દર્શન નજ આપ્યાં, ત્યારે તો જોગી, રોગી ભોગી સર્વ કોઇ મનુષ્ય જાતિએ પોતાનાં આયુષ્યની દોરી તૂટેલી જોઇ. પશુ, પક્ષી, જંતુ સર્વ કોઇ અકળાઇને વાજ આવ્યાં. યજ્ઞયાગાદિ ક્રિયાઓ થતી બંધ થઇ અને દેવતાઓને અપાતાં બલિદાનનો અંત આવ્યો. તેથી દેવતાઓ પણ આ બનેલા બનાવથી અતિ ખિન્ન થયા. છેવટે દેવોએ તેમજ મનુષ્યોએ પ્રલય સમય નજીક જોયો ત્યારે ઉંચ સ્વરે પરમાત્માની સ્તુતિ કરી, કે—

(દેવો) ભજન.

વહાલા વિભુ સહાય કરોને અમારી;
થશે પ્રલય સૃષ્ટિ તમારીરે. ......વહાલા વિભુ. ટેક.
તમ સમ અમ દુઃખ કાપે કોણ દયાધિશ,
દેશો આ વિપત વિદારી.
ખટમાસ વીત્યા જેમ તેમ જગદિશ,
ઘડી એક હવે ન જનારીરે. વહાલા વિભુ.
જાણુ છતાં આપ અજાણુ બન્યા છો શું,
મહેર કરોને મુરારી,
વિશ્વના પાલક, અઘબંધ ટાળક;
લેશો આ અરજ ઊર ધારીરે. વહાલા વિભુ.

દીનદયાળ પરમાત્માએ આ સ્તુતિનો સ્વીકાર કર્યો; અને જોયું કે સૂર્ય વગર હવે સૃષ્ટિનો અંત સમીપ આવી ચુકયો છે, કે તુરતજ

---
૧ અંધારું.

આકાશવાણીથી દેવોને આજ્ઞા દીધી કે "તમે મહાત્મા અત્રિ ઋષિનાં પત્ની દેવી અનસૂયા પાસે જાઓ અને તેમને આ તમારૂં દુઃખ નિવેદન કરો. તે મહાન્ પતિપરાયણ સન્નારી છે; વળી દયાળુ પણ તેવાંજ છે, માટે તમારી વિનંતિ ધ્યાનમાં લઇ આ આવેલું તમારૂં સંકટ દૂર કરશે." દેવોને આ પ્રમાણે થએલી આકાશવાણીથી ધીરજ આવી અને તેઓ માતા અનસૂયા પાસે આવી હાજર થઇ તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને બન્ને હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યા, કે—

(દેવો) **આશાવરી.**

સહાય કરો તમે દેવી દયાળી,
  પ્રાણી માત્રનાં દુઃખ દો ટાળી.... ... સહાય કરો.
સતિ પતિ પ્રત્યે અતિ પ્રેમાળી,
  ચરણામ્બુજમાં વૃત્તિઓ વાળી.... ... સહાય કરો.
ટેક નેક છેક રાખ્યો છે પાળી,
  બાળ બનાવ્યા વિધિ હર વનમાળી.... .. સહાય કરો.
વિશ્વ વિપત્તિ લો માજી ભાળી,
  દયા કરી તોડો [1]જગતમ જાળી.... ... સહાય કરો.
સમજાવો જઇ નર્મદા બાળી,
  પ્રગટાવે એ ભાનુ ભાગ્યશાળી. ... ... સહાય કરો.

આ સ્તુતિથી દેવી અનસૂયા પ્રસન્ન થયાં. બધી વાત સાંભળી લઇ તેમણે દેવોને ધીરજ આપી, કે સતિ નર્મદાના પતિવ્રત્તપણાથી સૂર્યને તેમની આજ્ઞા માનવી પડી છે. તો હું તે સતિ નર્મદાને સમજાવી

---

૧ જગતનું અંધારૂં.

સૂર્યને ઉદય થવાની આજ્ઞા જરૂર કરાવીશ. તમારે તેની લગાર પણ ચિંતા હવે કરવી નહિ. એ પ્રમાણે આશ્વાસન આપતાં દેવી અનસુયાએ કહ્યું, કે–

(અનસૂયા) સાખી.

શાન્ત થાઓ સૂર સહુ તમો, ઝટ જાઓ શુભ નિજ સ્થાન;
પતિ સેવ્યાથી [2]પણ ગ્રહું છું, રાખશે સતિ મુજ માન.
કરો ગુણ ગાન, પસન્ન થશે શ્રી ભગવાન. કરો

એ પ્રમાણે આશ્વાસન દઇ દેવી અનસુયાએ દેવોને વિદાય કર્યા. અને તુરતજ તેઓ, સતિ નર્મદા જ્યાં પોતાના પતિની સેવામાં તન્મય થઇ રહેલાં છે ત્યાં આવી તેમને મળ્યાં. સતિ નર્મદાએ દેવી અનસુયાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી કુશળતા પૂછી. કુશળ વર્તમાન થઇ રહ્યા પછી દેવી અનસૂયાએ સતિ નર્મદાને બોધ કર્યો, કે હે સતિ આ મનુષ્ય જન્મમાં હંમેશાં પરોપકાર કરવાનું શાસ્ત્રકારોએ ફરમાવેલું છે. પોતાના સ્વાર્થનો ત્યાગ કરી જેમણે દુનિયાને માટે પ્રાણ આપ્યા છે, તેનું જીવ્યું સર્વદા સાર્થક વાળું ગણાય છે. તમે મહાન્ પતિપરાયણ અને દયાની વૃત્તિવાળાં હોવા છતાં સૂર્યને સખત આજ્ઞા કરેલી છે. તેને લીધે જુઓ તો ખરાં, કે કેટલો અનર્થ થવા પામ્યો છે. માણસ, પશુ, પક્ષી અને જીવજતું બલકે વનસ્પતિ સુદ્ધાંતની માઠી સ્થિતિ થવા પામી છે. યજ્ઞયાગાદિ ક્રિયાઓ તદન બંધ થઇ ગઇ છે. અને તેને લીધે દેવ માત્ર પણ ભયભિત દશામાં આવી રહેલા છે. આ એક તમારા પતિને માટે કરોડો પ્રાણીઓ હેરાન થાય છે, તેનો વિચાર કરો અને સ્વાર્થ ત્યાગ કરી એકદમ સુર્યને ઉદય થવાની આજ્ઞા આપવા હું તમને ઘણાજ માનથી તેમજ પ્રેમથી વિનવું છું.

---

૨ વચન.

આ પ્રમાણેનાં દેવી અનસૂયાનાં વચન સાંભળતાંજ સતિ નર્મદા ગળગળાં થઇ ગયાં. અને ગદ્દગદ્દ કંઠે કહેવા લાગ્યાં, કે માતાજી આપનું કહેવું અક્ષરસઃ યથાર્થ છે કિન્તુ સૂર્યને ઉદય થવાની આજ્ઞા આપતાં તુરતજ મારા પ્રાણેશના પ્રાણ માંડવ્ય ઋષિના શ્રાપથી આ લોકનો ત્યાગ કરશે, એટલે મારે વૈધવ્ય સ્થિતિ ભોગવવી પડશે. વૈધવ્ય સ્થિતિને માટે હું કોઇ રીતે ડરતી નથી. તથાપી પતિસેવાનો ઉત્તમ લાભ જે દેવલોકમાં પણ મળવો મુશ્કેલ છે, તે લાભનો ભોગ આપવા મારૂં અંતઃકરણ બિલકુલ કહ્યું કરતું નથી.

સતિ નર્મદાનાં વચનો સાંભળતાંજ તેમની પતિપ્રત્યેની શુભભાવના અને સપ્રેમ ભક્તિ જોઇ દેવી અનસૂયા પ્રસન્ન થયાં. તેમણે હસતે મોંઢે સતિ નર્મદાને ધીરજ આપી અને તે સાથે વચન દીધું, કે તમે સૂર્યને ઉદય થવાની આજ્ઞા આપો અને તેના ઉદય થવાથી તમારા પતિના પ્રાણ જતા રહેશે, તો જરૂર હું તેમને સજીવન કરીશ. કેમકે સૂર્યોદય થવાથી કરોડો પ્રાણીઓ જ્યાં તમને આશીરવાદ આપશે. તેજ આશીરવાદના પૂણ્યના પ્રભાવે તમારા સ્વામી પુનઃ સજીવન થશે તેની તમે જરા પણ ચિંતા કરો નહિ.

દેવી અનસૂયાએ આપેલો કોલ કદિ મિથ્યા થશેજ નહિ એવો સતિ નર્મદાને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી સૂર્યને આરાધી બોલ્યાં, કે–હે સાક્ષાત્ સૂર્યનારાયણ પ્રભુ મારા પતિના મૃત્યુના ડરથી મેં તમને ઉદય થતાં અટકાવ્યા છે; પરંતુ તેને પરિણામે કરોડો પ્રાણીઓનો આંતરિક શ્રાપ મારા ઉપર વરસે છે, માટે હવે તેમની દયા લાવી તમને વિનવું છું, કે હવે તમારે ઉદય થઇ જગતને પ્રકાશિત કરવું.

આજ્ઞા થતાંજ સાક્ષાત્ સૂર્ય દેવતા સોળે કળા સહવર્તમાન ઉદય થયા; અને છમાસ સુધીનું અખંડ તિમિર દૂર કર્યું. તિમિર દૂર થતાંજ

મનુષ્યના આનંદનો પાર ન રહ્યો. તેમને કંઠે આવેલા પ્રાણોને શાન્તિ મળી. અનેક ઠેકાણે પણ યાગાદિ ક્રિયાઓ પૂર્વવત્ ચાલુ થઇ અને આનંદ આનંદ છવાઇ રહ્યો. પશુઓ ગળામાંથી સાદો કરવા લાગ્યાં. અને પોતાનાં બચ્ચાંઓ તરફ વાત્સલ્યભાવથી ગેલ કરવા લાગ્યાં. પક્ષીઓ એક વૃક્ષથી બીજે વૃક્ષે જઇ બેસી આનંદથી કલરવ કરી સૃષ્ટિને આનંદ આપવા લાગ્યાં. જીવજંતુ સર્વને અપરિમિત આનંદ થયો. વનસ્પતિ લીલી કલાર જણાવા લાગી, દેવો પ્રસન્ન થયા અને આખી દુનિયામાં લીલા લ્હેર પ્રવર્તી રહી.

આ તરફ સૂર્ય ઉદય થતાંની સાથેજ સતિ નર્મદાના પ્રાણેશ કૌશિકના પ્રાણે તુરતજ આ લોકનો ત્યાગ કર્યો; અને માંડૈવ્ય ઋષિનો શ્રાપ ફળીભૂત થયો. જ્યારે સૃષ્ટિ ઉપર સર્વદા અનહદ આનંદ પ્રવર્તી રહ્યો ત્યારે સતિ નર્મદાનો દુઃખનો પાર ન રહ્યો. માયાનું આવરણ કેવા પ્રકારનું છે તે જુઓ. સતિ નર્મદાને દેવી અનસૂયાએ આપેલું વચન પણ તેમને વિસારે પડી ગયું અને નર્મદા મૂર્છાગત થતાં તેમના પ્રાણ પણ આ લોકનો ત્યાગ કરવા તૈયાર થયા. દેવી અનસૂયાએ મૂર્છા પામેલાં સતિ નર્મદાને પાણી છાંટી શુદ્ધિમાં આણ્યાં કે તુરતજ એક નાના બાળકની માફક સતિ મહાન્ વિલાપથી રડવા અને કકળવા લાગ્યાં. આ જોઇ દેવી અનસૂયાએ બંને હાથ જોડી સર્વેશ્વરની દીન વચને સ્તુતિ કરી કે—

(અનસૂયા) ભૈરવી—

પ્રભુ અરજ સ્વીકારો મારી, પ્રણમું દીન દાસી તમારી;...પ્રભુ.
હતો પ્રજાપત ભકત તમારો, ઉગાર્યાં બાળ માંજારી,
પ્રહલાદ કાજે સ્તંભે પ્રગટયા, નરસિંહ રૂપે પધારી રે. પ્રભુ.

ગજને ગ્રાહથી છોડાવ્યો, પ્રિતમ પ્રીત અતિ ધારી.
અજામેળ અધમ હતો પણ, આપે લીધો ઉગારી રે. પ્રભુ.
ત્રેતામાં ત્રીકમજી તમે, રામ થયા અવતારી
ગૌત્તમ શ્રાપે પત્થર થઇતી, તે તારી અહલ્યા નારી રે. પ્રભુ.
સતિ પતીના પ્રાણ ગયાથી, વરસાવે [1]દ્રગે વારી,
દીનદાસીની અરજ સ્વીકારી, પ્રગટ થાઓ મોરારી રે. પ્રભુ.

આ પ્રમાણે સ્તુતિ કરી દેવી અનસુયા વિષ્ણુ ભગવાન પ્રત્યે કહેવા લાગ્યાં, કે હે દયાળ હે વિભુ મારા પોતાના તેમજ આ રાંકડી બનેલી સતિ નર્મદાના પતિ સેવાના પૂર્ણ ભાવથી આપ, જો સહૃદય પ્રસન્ન થયા હો અને અમારા અંતઃકરણમાં પતિ પ્રત્યેની શુભભાવના પ્રદિપ્ત હોય તો હાલને હાલ કૃપાના સાગર, અમને દર્શન દઇ અમારાં દુઃખનું નિકંદન કરો. પતિપરાયણ દેવીની પ્રાર્થના સાંભળતાંજ સાક્ષાત્ નારાયણ પીતવસ્ત્ર ધારણ કરી શંખ ચક્ર ગદા પદ્મ સહવર્તમાન કૌશિકના શબ પાસે સતિ નર્મદા રૂદન કરી રહ્યાં છે ત્યાં પ્રગટ થયા. પ્રભુના હાજર થતાંની સાથેજ બંને સતિઓએ પ્રભુના ચરણમાં મુસ્તક ઝુકાવ્યાં. **अखंड सौभाग्यवतीभव,** આ પ્રમાણેના આશીર્વાદ નારાયણના મુખમાંથી નીકળી પડયા. પ્રભુએ પ્રસન્ન થઇ કૌશિકના શબ ઉપર પોતાનો કોમળ હસ્ત ફેરવ્યો, કે તુરતજ કૌશિક જેમ ભર ઉંઘમાંથી ઉઠી બેઠો થાય તે પ્રમાણે બેઠો થયો. તેના શરીરનો અસાધ્ય વ્યાધિ પ્રભુના હસ્તસ્પર્શથી નાશ થયો. આ જોઇ સતિ નર્મદાના આનંદનો પાર ન રહ્યો. તેમણે બંને સજોડે સાક્ષાત્ નારાયણની મહાનુભાવથી પૂર્ણ પ્રાર્થના કરી. આ પ્રમાણે **જય જયકાર** વર્ત્તાવી સાક્ષાત્ નારાયણ અંતર્ધ્યાન થયા. દેવી અનસુયાએ પણ આ સુખી જોડાને

---

૧ નેત્રે,

આનંદમાં રાચતું જોઇ પોતાને સ્થાને જવાની રજા લીધી. સતિ નર્મદાને આ દેવીથી છૂટાં પડવું બીલકુલ રૂચતું નહતું. તો પણ દેવીની પતિસેવામાં વિક્ષેપ ન નાંખવો, એ પોતાનું કર્ત્તવ્ય છે એમ સમજી નિરુપાયે દેવીને પ્રણામ કરી રજા આપી. નારાયણના સ્પર્શથી કૌશિકનો વ્યાધિ નાશ થયો એટલુંજ નહિ પણ કૌશિક તે અગાઉનો કૌશિકજ નહિ. તે મહાન્ સમર્થ, વિદ્વાન અને જ્ઞાની બન્યો. પતિ પત્ની પરમ આનંદ કરવા લાગ્યાં. સતિ નર્મદાની પતિસેવાની યથાર્થ ભાવના પૂર્ણ થઇ. અહો! આપણા ભારતવર્ષનાં સ્ત્રી રત્નોને હજારો વખત ધન્યવાદ આપીએ તે ઓછા છે. પતિ સેવાને માટે અથાગ દુઃખ વેઠયું તથાપિ પોતાની શુદ્ધ ભાવના જરા પણ નષ્ટ થવા દીધી નહિ. અરે સતિઓ તમારો પ્રતાપ અરે! સૂર્ય ઉપર તો શું પણ આખા બ્રહ્માંડ ઉપર કેમ પ્રવર્તે નહિ? આધુનિક સમયની બ્હેનોએ આ આખ્યાનનું ચિત્ર પોતાની આંખો આગળથી કદી પણ અળગું કરવું ન જોઇએ. અને સતિ નર્મદાની માફક ગમે તેટલાં કષ્ટ પડે તથાપિ પતિસેવાનો અલભ્ય લાભ ત્રિભુવનમાં પણ મળી શકતો નથી. એમ માનવું એજ એમનું પરમ કર્ત્તવ્ય છે. સતિ નર્મદાને આપણે સુખી થએલાં નિહાળ્યાં તેમને અંતઃકરણપૂર્વક આશીર્વાદ અને ધન્યવાદ આપી આપ માંડવ્ય ઋષિનું શું થયું, તે જોઇએ.

મહાત્મા માંડવ્ય ઋષિ શૂળી ઉપર વિંધાઇ ગયા. પોતાને થએલા અકાળ મૃત્યુથી તેમનો આત્મા યમદ્વાર પહોંચ્યો. યમદ્વારમાં આવતાંજ તેઓ યમરાજ ઉપર ક્રોધે ભરાયા, અને તેને કહેવા લાગ્યા, કે "હે અન્યાયી યમરાજ મેં કંઇ પણ પાપ-કર્મ કર્યું નથી તથાપિ તેં મને શૂળીની સજા કરાવી અને મારે માટે અયોગ્ય એવા યમદ્વારે લાવી મૂકયો તો તું પણ આ ગુન્હાનું ફળ લેતો જા. હું તને આ મહાન આસનને લાયક ગણતો નથી,

અને તેથીજ તને શ્રાપ આપું છું, કે તારે તુરતજ મૃત્યુલોકમાં જન્મ લઇ દારિદ્રાવસ્થા ભોગવવી, ઋષિના તપોબળ આગળ યમરાજ નરમ પડી ગયા અને બંને હાથ જોડી ઋષિજીને કહેવા લાગ્યા, કે હે પ્રભો અપરાધ વિના કદિ પણ મારે હાથે સજા થતી નથી. તો કૃપા કરો અને જુઓ કે આપનું કંઇ પાપકર્મ છે કે નહિ ? તુરતજ યમરાજે ચિત્રગુપ્તને ચોપડા લાવવાની આજ્ઞા કરી. ચોપડા આવતાંજ માંડવ્ય ઋષિનું પાનું ઉધાડવામાં આવ્યું, તો માલુમ પડયું, કે ઋષિ ૩ વર્ષના હતા ત્યારે રમતમાં એક તીડપક્ષીને તેમણે પકડયું હતું. તેને શૂળમાં પરોવી તરફડતું જોઇ રાજી થયા હતા. ઋષિએ વિચાર્યું, કે વાત તો ખરી છે. મારૂં નાનપણનું આ અસહ્ય પાપ છે. અને તેથી મને શિક્ષા કરવામાં આવી છે, પરંતુ અજ્ઞાન અવસ્થામાં થયેલા પાપની માફી મળવીજ જોઇએ. એમ વિચારી તેમણે યમરાજને કહ્યું, કે તમારી વાત ખરી છે તથાપિ અજ્ઞાન અવસ્થામાં થએલું પાપ, તે પાપ કરનારને નજ લાગવું જોઇએ, પરંતુ તે તેના પાળકને મળવું જોઇએ ઉપર પ્રમાણેનો સુધારો તેમણે યમરાજના ચોપડામાં કરાવ્યો. યમરાજ ચરણમાં પડી કહેવા લાગ્યા, કે મેં મારી પોતાની ભૂલ સુધારી છે તથાપિ હવે આપે મને દીધેલા શ્રાપનો અનુગ્રહ કરવો જોઇએ. ઋષિજીએ કહ્યું, કે હે યમરાજ મારો દીધેલો શ્રાપ કદિપણ મિથ્યા થઇ શકશે નહિજ તોપણ હું એટલો અનુગ્રહ કરૂં છું, કે તમે તેજ અવસ્થામાં નારાયણ શ્રીકૃષ્ણ રુપે અવતરશે તેમના પરમ જ્ઞાની ભક્ત થશો અને તેથી તમારી ઉજ્વળ કીર્તિ આખા જગતમાં ફેલાશે. વળી એજ દેહે તમે તમારા પૂર્વના આસને બિરાજશો. આ પ્રમાણે એકમેકનો તેઓએ નિકાલ કર્યો. એ શ્રાપિત થએલા યમરાજ તેજ મહાન ભક્ત દારિદ્રાવસ્થા ભોગવતા વિદૂર જેમનો ઇતિહાસ મહાભારત નામે પુસ્તકમાં લખાએલો છે.

બન્ધુઓ અને બ્હેનો તમે જોયું, કે ગમે તેટલું પૂણ્યકર્મ કરીએ તથાપિ આ હાથે જે પાપકર્મ થયું હોય તેની યોગ્ય શિક્ષા તો ભોગવવીજ પડે છે. તેમજ પુણ્યકર્મ સારૂં ફળ આપ્યા વિના રહેતું નથી. તો પછી કોઇનું ખુન કરીને કે લાખો રૂપિયાની ચોરી કરીને ૨૦૦–૫૦૦ રૂપીયા ખરચી યજ્ઞયાગાદિ કરીએ તો આપણું પાપ મુક્ત થઇ શકશે? નહિજ. માટે ઇશ્વર પરાયણ રહી પોતાના ધંધામાં છળકપટ કે દગલબાજી કરવી નહિ.

આ આખ્યાન વાંચી વિચારી દરેક બ્હેને તેને વર્તનમાં મૂકવું. તેમાંજ તેમનું કલ્યાણ છે. સ્ત્રીઓનું ખરૂં ભૂષણ તેમના વસ્ત્રાલંકારમાં નથી પરંતુ પતિભક્તિમાંજ રહેલુંછે. માટે કોઇ પણ બીજે રસ્તે નહિ દોરાતાં આ ઉત્તમ પ્રકારનું આખ્યાન વાંચી પોતાના ઉદ્ધાર માટે.

મરાઠી સાખી.

અધમ પણાથી અલગ રહીને, કરો નિજ પતિની સેવા;
સ્વામી વશ કરવા દોરા ધાગા, કરાવાના છોડો હેવા.
રક્તપિત્તથી પીડાતા પતિને, સેવી સતિ સુખ પામી;
ભારત ભૂમિની ભામીનીઓએ, રહેવું પતિપદે શિરનામી.
કહે વજેશંકર સહાય કરશે વિશ્વંભર—કહે.

સમાપ્ત.